જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૧/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૧૦/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૯ | ૧ | ૧૦૭૦૦ | ૧૬૮૩૩ | ૧ | ૧૬૮૩૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૬૦ | ૧૬ | ૧૫૩૭૬ | ૧૬૨૧૧ | ૧૩ | ૧૬૨૨૪ |
| | કુલ | ૩૦૪૬૦ | ૧૭ | ૩૦૪૭૭ | ૩૯૧૩૯ | ૧૪ | ૩૯૧૫૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૨ | ૬,૭૮,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૮૯ | ૪,૮૯,000/- |

# લુંટના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## મહારાષ્ટ્રથી આવેલ દંપતીને ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી લુટી લેનાર ગેંગના બે ઈસમોને સોના ચાંદીના દાગીના કિ.રૂ.૫,૪૩,૨૦૦/- ના મુદામાલ તથા ઓટો રીક્ષા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીતકુમાર વિશ્વકર્મા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડ નાઓ તથા સ્કોડના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન અ.હે.કો. અસરફભાઇ તથા અ.હે.કો. જહીરભાઇ નાઓને બાતમી હકીકત મળેલ કે...

બે ઈસમો નામે જાફર સમદભાઇ ભીસ્તી ઉ.વ.૪૫ રહે. પરમાનંદ પટેલની ચાલી સરસપુર અમદાવાદ શહેર તથા મહમદહુસેન મહમદસહીદ અંન્સારી ઉ.વ. ૪૩ રહે, મ.નં. ૫, દાઉદી વોરાના રોજા, સરસપુર અમદાવાદ શહેર નાઓ દિવાળીની પહેલા જ કોઇ પેસેન્જરને રીક્ષામાં બેસાડી નજર ચુકવી સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરેલ દાગીના સગવગે કરવા સારૂ પોતાના કબજાની ઓટો રીક્ષા નં. જીજે-૧-સીટી-૨૨૪૬ માં બેસી કાલુપુર તરફથી આવી સારંગપુર સર્કલ થઇ ગોમતીપુર તરફ જવા સારૂ નીકળેલ છે.

જે બાતમી હકીકત આધારે સદર ઈસમોને સારંગપુર સર્કલથી તા.૧૯/૧૧/૨૦૨૦ ના કલાક ૧૬/૩૦ વાગ્યે પકડી તેઓની પાસેથી સોના ચાંદીના દાગીના રૂ.૫,૪૩,૨૦૦/- તથા ઓટો રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૫,૯૩,૨૦૦/- ની રીકવર કરવામાં આવેલ છે. સદર ઈસમોની પુછપરછ કરતા ગઇ તા.૧૨/૧૧/૨૦૨૦ નારોજ સવારના આશરે પાંચેક વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશનની બહારના ભાગેથી બે પુરૂષ તથા એક સ્ત્રીને વટવા જવા સારૂ બેસાડી રસ્તામાં ચાલુ રીક્ષાએ તેમની નજર ચુકવી સ્ત્રી પાસેની બેગમાંથી સોના ચાંદીના દાગીના ચોરી કરી લઇ પેસેન્જરોને ઓટો રીક્ષાનો ક્લચ વાયર તુટી ગયેલાનુ જણાવી કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ પાસે ઉતારી ભાગી ગયેલાનુ જણાવેલ.

સદરી આરોપીઓએ ગયા ડીસેમ્બર અથવા જાન્યુઆરી માસમાં એસ.ટી. ગીતા મંદિર ખાતેથી વહેલી સવારના ત્રણ મહિલા તથા એક પુરૂષને નરોડા ખાતે જવા બેસાડી રસ્તામાં મહિલા પાસેની બેગમાંથી એક સોનાનો પાંચ તોલાનો હાર તથા એક સોનાની વીટી લાલ માણેકવાળી ની ચોરી કરેલ.

તેમજ આજથી અઢારેક દિવસ પહેલા સવારના સાતેક વાગ્યાના સુમારે સી.ટી.એમ. બસ સ્ટેન્ડ પાસેથી એક ઉમર લાયક કાકા કાકી જે હિન્દી ભાષી હતાં તેઓને કાનપુર જવા સારૂ એકસપ્રેસ હાઇવે ઉતારવા સારૂ બેસાડી કાકી પાસેની બેગમાંથી ચાંદીના છડા તથા કંદોરો મળી આશરે ૯૦૦ ગ્રામ ચાંદીના દાગીનાઓની ચોરી કરેલ.

જે આધારે ખાતરી તપાસ કરતા **વટવા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૮૨૦૧૦૭૪/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ:- ૩૭૯, ૧૧૪ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ છે. તેમજ વટવા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી કરાવા જાણ કરવામાં આવે છે.**

## પકડાયેલ આરોપીઓનો પૂર્વ ઇતિહાસ

### આરોપી:-

જાફર સમદભાઇ ભીસ્તી ઉ.વ.૪૫ નાનો અગાઉ ઓટો રીક્ષામાં પેંસેન્જરને બેસાડી પેસેન્જરની નજર ચુકવી સોના ચાદીના દાગીના તથા કિમતી ચીજવસ્તુની ચોરીઓ કરવાની આદત વાળો હોય અને સદરી આરોપી અગાઉ નીચે જણાવેલ ગુન્હાઓમાં પકડાયેલ છે.

(૧) કાગડાપીઠ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૮૦/૨003 ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૧૧૪ મુજબ
(૨) એલીસબ્રીજ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૩૪/૨૦૧૪ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૧૧૪ મુજબ
(૩) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૪૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૧૧૪ મુજબ

# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## ઘરફોડ ચોરીના બે આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી સાંખલા સાહેબ  ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ પી.આર.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૮/૧૧/૨૦૨૦ ના કલાક ૨૩/૪૫ વાગે  ઇસનપુર બસ સ્ટેન્ડ ખાતેથી એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી (૧) ઇરફાન ઉર્ફે ઇપ્પુ ઉસ્માનભાઇ શેખ ઉ.વ ૨૪ રહે,બ્લોક નં-૪ મ.નં ૧૦૬ વટવા ચાર માળીયા ગજેન્દ્ર ગડકરનગર સદભાવના ચોકીની સામે વટવા અમદાવાદ શહેર તથા (૨) જાકીર ઉર્ફે આશિફ ઉર્ફે ચુહા અઝીઝભાઇ શેખ ઉ.વ ૫૦ રહે,બ્લોક નં-૯ મકાન નં-૨૬૦ વટવા ચાર માળીયા ગજેન્દ્ર ગડકરનગર સદભાવના ચોકીની સામે વટવા અમદાવાદ શહેરનાઓને પકડી પાડી તેઓની પાસેથી સોનાનુ પેન્ડલ બે ગ્રામ વજનનુ તથા ચાંદીના જુદા-જુદા ઘાટના દાગીના તથા રોકડા નાણા રૂપિયા ૩૦૦૦/-મળી કુલ રૂપિયા ૧૯,૭૫૦/-નો મુદ્દામાલ તથા ગુનામા વાપરેલ રીક્ષા કિંમત રૂપિયા ૭૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૯૪,૭૫૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૧૫૪૮/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૧૯/૧૧/૨૦૨૦

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## “રાધિકા જીમખાના મર્ડર કેસના સજા પામેલ આરોપી છેલ્લા છ માસથી પેરોલ જમ્પ કરીને નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અ’વાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ”

ગુજરાત રાજ્યના જેલ ફરારી, પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીતકુમાર વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અન્વયે એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૧ પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર. બ્રહ્મભટ્ટ નાઓની સુચનાથી સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી મળેલ કે. “રાધિકા જીમખાના મર્ડર કેસના પાકા કામનો કેદી નં. ૮૬૩૮ નામે અહેમદહુસૈન વલીમોહંમદ સૈયદ નાનો ગઈ તા.૦૧/૦૪/૨૦૨૦ થી દિન – ૩૦ ની પેરોલ રજા ઉપર છુટેલ અને તા.૦૨/૦૫/૨૦ ના કલાક ૧૨/૦૦ વાગ્યે જેલ ઉપર હાજર થવાનુ હતુ પરંતુ તે હાજર થયેલ ન હોય અને હાલમાં પેરોલ જમ્પ કરી અમદાવાદ શહેરમાં નાસતો ફરે છે.

ઉપરોક્ત મળેલ બાતમી આધારે પાકા કૈદી અહેમદહુસૈન વલીમોહંમદ સૈયદનાને ડીટેઈન કરી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૦૧૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૦૧૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૦૧૩/૨૦૨૦**

**સાબરમતી:** આનંદભાઇ છોટેલાલ બલાઇ (રહે. અધીકાર સોસાયટી વિભાગ-૧ ડી-કેબીન સાબરમતી) એ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૦ સાજના ૭/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીઓના તાળા તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**કૃષ્ણનગર:** પ્રફુલકુમાર કલાશંકર જોષી (રહે.કમલ ડુપ્લેક્ષ સાગર ટેનામેન્ટની બાજુમાં એસ.બી.આઇ બેંક પાસે કઠવાડા રોડ નવા નરોડા) એ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીના નકુચા/તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**જી.આઈ.ડી.સી.વટવા:** હંસાબહેન સુરેશભાઇ પરમાર (રહે. વિનોબાભાવેનગર વિંઝોલગામ સામે એસ.પી.રીંગ રોડ) એ જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**શહેરકોટડાઃ** ગીતાબહેન રમેશભાઇ ચૌહાણ (રહે. ત્રીકમલાલની ચાલી નંબર-૧ વોરાના રોજા પાસે સરસપુર) એ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી તા.૧૮/૧૧/૨૦૨૦ ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે શકદાર તરીકે રહેણાંક નજીક રહેતા પાડોશી સગીરને દર્શાવેલ છે.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૦૧૪/૨૦૨૦

**વટવાઃ** શીલાબહેન મહેન્દ્રભાઇ અહારી (ઉ.વ.૨૬) (રહે. વિભાગ-૨ વિરલ એપાર્ટમેન્ટ પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા) તા.૦૪/૧૧/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવવા માટે પ્રાઇમસ સળગાવતા પ્રાઇમસમાં ભડકો થતા શીલાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયા સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૮/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૦૧૫/૨૦૨૦

**દાણીલીમડાઃ** જયેશભાઇ અમરતભાઇ વાસુદીયા (રહે. સી બ્લોક છઠ્ઠો માળ માન.પ્રધાનમંત્રી આવાસ યોજના એકતાનગર પાણીની ટાંકી દાણીલીમડા ગામ) એ ગંભીર બિમારી થવાના ડરથી તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ  મ.સ.ઇ.શ્રી ભુપેન્દ્રસિહ વિક્રમસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી